સૌથી મહત્ત્વપૂર્ણ નિયમો અને શરતો SBI કાર્ડ

1. ફી અને ચાર્જિસ

A. વાર્ષિક ફી અને રિન્યુઅલ ફી

SBI ક્રેડિટ કાર્ડ (SBI કાર્ડ) ઉપર વાર્ષિક ફી અને રિન્યુઅલ ફી લાગુ પડે છે. વાર્ષિક ફી એક વખત વસૂલ કરાતો ચાર્જ છે અને રિન્યુઅલ ફી દર વર્ષે વસૂલ કરાય છે. દરેક કાર્ડધારક અને જુદા-જુદા કાર્ડના પ્રકાર અનુસાર આ ફી અલગ-અલગ હોઇ શકે છે. ક્રેડિટ કાર્ડ માટે અરજી કરતી વખતે કાર્ડધારકને આ ફી અંગે સુચિત કરવામાં આવશે. આ રીતે લાગુ પડતી ફી સીધી કાર્ડધારકના ખાતામાંથી વસૂલવામાં આવશે અને તે જે મહિનામાં વસૂલ કરવામાં આવી હોય તે મહિનાના કાર્ડ સ્ટેટમેન્ટમાં દર્શાવવામાં આવશે. પ્રાથમિક કાર્ડધારકને ઇસ્યુ કરાયેલા વધારાના કાર્ડ માટે અલગ ફી હોઇ શકે છે.

B. રોકડ એડવાન્સ ફી

પ્રાદેશિક/આંતરરાષ્ટ્રીય એટીએમમાંથી આપાતકાલીન પરિસ્થિતિમાં રોકડ નાણાં મેળવવા માટે કાર્ડધારક કાર્ડનો ઉપયોગ કરી શકે છે. આ પ્રકારની તમામ ઉપાડ રકમ ઉપર ટ્રાન્ઝેક્શન ફી લાગુ પાડવામાં આવશે અને ત્યારપછીના સ્ટેટમેન્ટમાં કાર્ડધારકને તે દર્શાવવામાં આવશે. સ્થાનિક સ્તરે ટ્રાન્ઝેક્શન ફી 2.5% અથવા રૂ.300 બન્નેમાંથી જે વધારે હોય તે અને આંતરરાષ્ટ્રીય એટીએમ પર 3% અથવા રૂ.300 બન્નેમાંથી જે વધારે હોય તે વસૂલવામાં આવશે. SBI કાર્ડ અને પેમેન્ટ સર્વિસ પ્રાઇવેટ લિમિટેડ (SBICPSL)ની મુનસફી પર ટ્રાન્ઝેક્શન ફી ફેરફારને આધીન છે. તમામ એડવાન્સ રોકડ ઉપાડની તારીખથી સંપૂર્ણ ચુકવણીની તારીખ સુધી રિવોલ્વિંગ ક્રેડિટ ઉપર લાગુ પડતા નાણાકીય ચાર્જ મુજબ લાગુ પડી શકે છે. (કૃપયા ચાર્જીસની અનુસૂચી ધ્યાન ઉપર લો)

C. રોકડ ચૂકવણી ફી

કાર્ડધારક પસંદગીની SBI બેન્ક શાખાઓ અને SBI સહયોગી બેન્ક શાખાઓમાં જઇ શકે છે અને જમા સ્લિપમાં ક્રેડિટ કાર્ડ નંબર અને રકમનો ઉલ્લેખ કરીને SBI કાર્ડની બાકી રકમ શાખાના કાઉન્ટર ઉપર જમા કરાવી શકે છે. તમારા બિલની ચુકવણી બાદ તરત

જ તમને પ્રાપ્તિ રસીદ પુરી પાડવામાં આવશે. આ સેવા માટે રૂ.100 + તમામ લાગુ પડતો ટેક્સ વસૂલવામાં આવશે.

D. ચાર્જિસ

i. કાર્ડધારકોને SBICPSL દ્વારા પુરી પાડવામાં આવેલી ચોક્કસ સેવાઓ અથવા તેમના કાર્ડ એકાઉન્ટના સંદર્ભમાં કાર્ડધારક દ્વારા ચૂકવણી કરવામાં નિષ્ફળ રહેવા પર સમય સમય પર લાગુ પડતાં ચાર્જિસ અને ફી કાર્ડધારક દ્વારા ચૂકવવા પાત્ર છે.

ii SBICPSL કાર્ડધારકોને યોગ્ય જાણ સાથે તેને યોગ્ય લાગે તે મુજબ સમય સમય પર કોઇપણ ચાર્જિસ અથવા ફી ફેરફાર અથવા નવા ચાર્જિસ અને ફી રજૂ કરવાનો અધિકાર અબાધિત રાખે છે.

E. વ્યાજ મુક્ત રાહત સમયગાળો

વ્યાજ મુક્ત ધિરાણ સમયગાળો વેપારી દ્વારા દાખલ કરાયેલા દાવાઓની શરતને આધીન 20 થી 50 દિવસો સુધીનો હોઇ શકે છે. જોકે, જો અગાઉના મહિનાની બાકી રકમ સંપૂર્ણ ચૂકતે કરવામાં આવી ન હોય અથવા જો કાર્ડધારકે કોઇ ATMમાંથી રોકડ ઉપાડ કર્યો હોય તો આ લાગુ પડશે નહીં.

F. ફાઇનાન્સ ચાર્જિસ (સેવા ચાર્જિસ)

કાર્ડધારક તેની બાકી રકમ સંપૂર્ણ ચુકવવાનુ પસંદ ન કરે તે કિસ્સામાં વ્યવહારની તારીખથી બિનચૂકવાયેલ EMI હપ્તા સહિત તમામ વ્યવહારો ઉપર અને કાર્ડધારક દ્વારા લેવામાં આવેલી બધી જ રોકડ એડવાન્સ રકમ ઉપર પુનઃચુકવણી ન કરે ત્યાં સુધી માસિક વ્યાજ દરે ફાઇનાન્સ ચાર્જ ચૂકવવાપાત્ર બનશે. કાર્ડનો વ્યાજ દર પરિવર્તનશીલ છે અને કાર્ડધારકના વપરાશ અને ચૂકવણીની પદ્ધતિ ઉપર આધારિત છે અને સમયાંતરે સમીક્ષાને આધીન છે. ચુકવણું થવા માટે નિયત થયેલ છેલી તારીખ ની પહેલા, જો કાડઁ-ધારક, ચુકવવા-પાત્ર તમામ રકમ પૈકી નું આંશિક ચુકવણુ કરે (PDD) અથવા તો બિલ્કુલ ચુકવણુ કરે (TAD) નહિ એટલે કે જો ગ્રાહક પોતાની અગાઉ ના મહિનાઓ ની બાકી ચુકવવા ની રકમ અને ચાલુ મહિના ની બાકી ચુકવવા ની રકમ

મળી ને, કુલ્લે ચુકવવા-પાત્ર રકમ જો નિયત થયેલ તારીખ પહેલા ચુકવે નહિ તો, ગ્રાહક જ્યાં સુધી ચુકવણુ કરે નહિ ત્યાં સુધી બંધ સિલક ઉપર નાણાંકિય-શુલ્ક લાદવા માં આવશે. વ્યવહારની તારીખથી ફાઇનાન્સ ચાર્જિસનો વર્તમાન દર પ્રતિ માસ 3.35% સુધી [પ્રતિ વર્ષ 40.2%] છે અને SBI કાર્ડ અને પેમેન્ટ સર્વિસ પ્રાઇવેટ લિમિટેડ (SBICPSL)ની મુનસફી પર પરિવર્તનને આધીન છે. ફાઇનાન્સ ચાર્જિસ, જો ચૂકવવાપાત્ર હોય તો લાગુ પડતા કરવેરા લાદવાની શરતને આધીન છે અને જ્યાં સુધી કાર્ડ ઉપર બાકી રકમ સંપૂર્ણ ચૂકવવામાં ન આવે ત્યાં સુધી કાર્ડધારકના ખાતામાંથી બાદ કરવામાં આવે છે.

a. એડવાન્સ રોકડ ઉપર ફાઇનાન્સ ચાર્જિસ વ્યવહારની તારીખથી ચુકવણી સંપૂર્ણપણે કરવામાં ન આવે તે ત્યાં સુધી લાગુ પડે છે.

ઉદાહરણ 1 - કાર્ડ સ્ટેટમેન્ટ તારીખ - દર મહિનાની 15મી તારીખ.

16મી જુલાઇ 2015થી 15મી જુલાઇ 2015ની વચ્ચે કરવામાં આવેલા વ્યવહાર

1. 20મી જુન 2015ના દિવસે - રૂ.5000ની છૂટક ખરીદી
2. 10મી જુલાઇ 2015ના દિવસે - રૂ.7000નો રોકડ ઉપાડ

ધારે કે 15મી જૂન 2015ના સ્ટેટમેન્ટમાંથી અગાઉની કોઇ બાકી રકમ આગળ લાવવામાં નથી તો 15મી જુલાઇના રોજ કાર્ડધારક તેના સ્ટેટમેન્ટ રૂ.7,000ની રોકડ ઉપાડ ઉપર લાગુ પડતા દરે 5 દિવસના ફાઇનાન્સ ચાર્જિસની સાથે રૂ.12,000ના વ્યવહારો દર્શાવશે. કાર્ડ ધારકે બાકી રહેલી રકમ 5મી ઓગસ્ટ એટલે કે સ્ટેટમેન્ટ તારીખથી 20 દિવસ સુધીમાં સમગ્ર રકમ અથવા લઘુતમ બાકી રકમની વચ્ચે કોઇપણ ચુકવવાની રહેશે. કૃપયા નોંધી લેશો કે તમારા ક્રેડિટ કાર્ડની બાકી રકમ સામે કરવામાં આવેલી કોઇપણ ચુકવણી સૌ પ્રથમ તમારી લઘુતમ બાકી રકમ (જેમાં તમામ લાગુ પડતા કરવેરા, EMI આધારિત પ્રોડક્ટ ઉપર EMI + કુલ બાકી રકમના 5% સમાવિષ્ટ છે), ફી અને અન્ય ચાર્જિસ (જો હોય તો) સામે જમા કરવામાં આવશે, ત્યાર બાદ બેલેન્સ ટ્રાન્સર બેલેન્સ (જો હોય તો), રિટેલ બેલેન્સ (જો હોય તો) અને છેલ્લે તમારા કેશ બેલેન્સની (જો હોય તો) સામે જમા કરવામાં આવશે. ફાઇનાન્સ ચાર્જિસ અગાઉના

સ્ટેટમેન્ટની તારીખથી લગાડવામાં આવશે સિવાય કે બાકી રહેલા રિટેલ બેલેન્સ ઉપર લાગુ પડતા બિન-વ્યાજનો કિસ્સો હોય, જેમાં ફાઇનાન્સ ચાર્જિસ વ્યવહારની તારીખથી લગાવવામાં આવે છે.

સ્ટેટમેન્ટની બાકી રકમમાં કોઇ રોકડ જમા ન હોય અને અગાઉના સ્ટેટમેન્ટમાંથી આગળ લાવવામાં આવ્યું ન હોય અને ચુકવણીની અંતિમ તારીખ સુધીમાં સ્ટેટમેન્ટ ઉપર છૂટક બાકી રકમની ચોખ્ખી રકમ સંપૂર્ણપણે ચૂકવી દીધી હોય તો આવી બાકી રકમ ઉપર કોઇ ફાઇનાન્સ ચાર્જિસ લાગુ પડતો નથી.

ઉદાહરણ 2 – કાર્ડ સ્ટેટમેન્ટ તારીખ - દરેક મહિનાની 2જી.

3જી જાન્યુઆરી 2015 - 2જી ફેબ્રુઆરી 2015ની વચ્ચે કરાયેલા વ્યવહાર

1. 5મી જાન્યુઆરી 2015ના દિવસે - રૂ.10000ની છૂટક ખરીદી
2. 15મી જાન્યુઆરી 2015ના દિવસે - રૂ.30000ની ઓનલાઇન ખરીદી

ધારો કે 2જી જાન્યુઆરી 2015ના સ્ટેટમેન્ટમાંથી કોઇ અગાઉની બાકી રકમ આગળ લાવવામાં આવતી નથી તો કાર્ડધારક 2જી ફેબ્રુઆરીના રોજ રૂ.40000ના વ્યવહારો દર્શાવતુ સ્ટેટમેન્ટ પ્રાપ્ત કરશે. કાર્ડધારકે બાકી રહેલી રકમની 22મી ફેબ્રુઆરી 2015 એટલે કે સ્ટેટમેન્ટની તારીખથી 20 દિવસ સુધીમાં સમગ્ર રકમ અથવા લઘુતમ બાકી રકમની વચ્ચે કોઇપણ રકમ ચુકવવાની રહેશે.

સ્ટેટમેન્ટની બાકી રકમ કોઇ રોકડ રકમ ધરાવતી ન હોય તે કિસ્સામાં અને અગાઉના સ્ટેટમેન્ટમાંથી કોઇ રકમ આગળ વધારવામાં આવી ન હોય અને ચુકવણીની અંતિમ તારીખ સુધીમાં નિવેદન તારીખના રોજ છૂટક બાકી રકમની સંપૂર્ણ ચુકવણી કરી દેવામાં આવે તો આવી બાકી રકમ ઉપર કોઇ ફાઇનાન્સ ચાર્જિસ લાગુ પડશે નહીં.

દર મહિને માત્ર લઘુતમ ચુકવણીના પરિણામે પુનઃચુકવણી વર્ષો સુધી લંબાશે જેથી તમારે બાકી રહેલી રકમ ઉપર વ્યાજ ચુકવવુ પડશે. ઉદાહરણ તરીકે રૂ.5000ના વ્યવહાર ઉપર જો દર મહિને લઘુતમ બાકી રકમ ચૂકવવામાં આવે તો (જો દર મહિને લઘુતમ બાકી રકમ રૂ.200 હોય) તો સંપૂર્ણ બાકી રકમની સંપૂર્ણ ચુકવણીમાં 44 મહિના લાગશે.

ઉદાહરણ 3 –

કાર્ડના સ્ટેટમેન્ટની તારીખ - દર મહિનાની 2જી તારીખ

3જી માર્ચ 2015 - 2જી એપ્રિલ 2015ની વચ્ચે કરાયેલા વ્યવહારો

(1) 5મી માર્ચ 2015 દિવસે - રૂ.500ની વાર્ષિક ફી

(2)5મી માર્ચ 2015ના દિવસે - રૂ.72.50નો લાગુ પડતો ટેક્સ

(3)15મી માર્ચ 2015ના દિવસે - રૂ.6000ની ઓનલાઇન ખરીદી

ધારો કે 2જી માર્ચ 2015ના સ્ટેટમેન્ટમાંથી કોઇ અગાઉનું બેલેન્સ આગળ લાવવામાં આવ્યું નથી તો કાર્ડધારક 2જી એપ્રિલના રોજ રૂ.6752.50ના વ્યવહારો દર્શાવતું સ્ટેટમેન્ટ પ્રાપ્ત કરશે. કુલ બાકી રકમ રૂ.6573 ગણતરી કરવામાં આવે છે. કાર્ડધારકે બાકી રહેલી રકમની 22મી એપ્રિલ 2015 એટલે કે સ્ટેટમેન્ટની તારીખથી 20 દિવસ સુધીમાં સમગ્ર રકમ અથવા લઘુતમ બાકી રકમની વચ્ચે કોઇપણ રકમ ચુકવવાની રહેશે.

ધારો કે કાર્ડધારક 22મી એપ્રિલ 2015ના રોજ રૂ.398 (કુલ બાકી રકમના 5%) + લાગુ પડતા કરવેરાની લઘુતમ રકમની ચુકવણી કરવામાં આવે છે, જેને નજીકના દશાંશ બિંદુ સુધી લઇ જવામાં આવે છે, તો ફાઇનાન્સ ચાર્જિસ અમલી દરોએ લાગુ પાડવામાં આવશે અને કુલ બાકી રહેલી રકમમાં ઉમેરાશે. જો અમલી દરોને પ્રતિ માસ 3.35% માની લેવામાં આવે તો ફાઇનાન્સ ચાર્જની ગણતરી નીચે મુજબ કરવામાં આવશેઃ

49 દિવસ માટે (5મી માર્ચથી 22મી એપ્રિલ) રૂ.500ની બાકી રકમ ઉપરઃ (3.35*12)*(49/365)*500/100= Rs. 26.98

49 દિવસ માટે (5મી માર્ચથી 22મી એપ્રિલ) રૂ.72.5ના લાગુ પડતા કરવેરા ઉપરઃ (3.35*12)*(49/365)*72.50/100= Rs. 3.91

39 દિવસ માટે (15મી માર્ચથી 22મી એપ્રિલ) રૂ.6000ની બાકી રકમ ઉપરઃ (3.35*12)*(39/365)*6000/100= Rs. 257.72

10 દિવસ માટે (22મી એપ્રિલથી 2જી મે) રૂ.6,175ની બાકી રકમ ઉપરઃ (3.35*12)*(10/365)*6,175 /100= Rs.68

કુલ લાગુ પડતું વ્યાજ = રૂ.356.61

બાકી રહેલી ખરીદી રકમ, વ્યાજ, ફી અને ચાર્જિસ, જો હોય તો આ તમામ રકમનો સરવાળો અને તમામ લાગુ પડતા કરવેરાઓ 3જી એપ્રિલ 2015 - 2જી મે 2015ની વચ્ચે કાર્ડધારકે કોઇ વ્યવહાર ન કર્યો હોવાની ધારણા સાથે 2જી મેની તારીખે નિવેદનમાં કુલ બાકી રકમ તરીકે દર્શાવવામાં આવશે.

જો કાર્ડધારક દર મહિને લઘુતમ બાકી રકમ (5%) ચુકવવાનુ ચાલુ રાખે અને વ્યાજની રકમ ચૂકવવાનુ પણ ચાલુ રાખે તો તે બાકી રકમ 20 મહિનામાં પુરી કરશે (100%/ 5% – 20)

ઉદાહરણ 4:

કાડઁ-સ્ટેટમેંટ ની તારીખ – પ્રત્યેક મહિના ની બીજી તારીખ

નાણાંકીય વહેવાર 3જી ડિસેમ્બર 2015 થી 2જી જાન્યુઆરી 2016 વચ્ચે

રૂ.500 ની છુટક ખરિદી- 15  ડિસેમ્બર 2015

રૂ.600 ઓનલાઈન ખરિદી- 20 ડિસેમ્બર 2015

આપણે એવી ધારણા મુજબ ગણતરી કરીએ કે , અગાઉ ની કોઈ રકમ ચુકવવા ની બાકી નથી અને તેથી 2જી ડિસેમ્બર 2015 ના સ્ટેટમેંટ માં આગળ કોઈ રકમ ખેંચાયેલ  નથી તો આ પ્રકાર ના કિસ્સા માં કાડઁ-ધારક પોતાના 2' જાન્યુઆરી ના સ્ટેટમેંટ માં રૂ.1100 નો નાણાકીય વહેવાર જોઈ શકશે. જે રકમ ચુકવવા-પાત્ર થશે. કાડઁ-ધારકે બાકી નીકળતા લેણાં ની તમામ રકમ અથવા બાકી નીકળતા લેણાં ની લઘુતમ રકમ નું ચુકવણું સ્ટેટમેંટ ની તારીખ પછી ના 20 દિવસ સુધી માં એટલે કે 22 જાન્યુઆરી 2016 સુધી કરી દેવું જરૂરી છે.

આપણે એવી ધારણા મુજબ ગણતરી કરીએ કે કાડઁ-ધારક 22' જાન્યુઆરી‘ 2016 ના રોજ રૂ. 500/ નું આંશિક-ચુકવણું કરે છે. આવા પ્રકાર ના કિસ્સા માં નાણાંકિય-શુલ્ક અસરકારક દરે લાદવા માં આવશે અને તેને કુલ્લે બાકી નીકળતી રકમ માં ઉમેરવા માં આવશે. અસરકારક દર નું પ્રમાણ 3.35% પ્રતિ માસ રાખી ને ગણતરી કરીએ તો, નાણાંકિય-શુલ્ક ની ગણતરી નીચે મુજબ થઈ શકે.

રૂ. 500 ની સિલક ઉપર ( 15’ ડિસેમ્બર થી 22’ જાન્યુઆરી ) , દિવસ 39 માટે
( 3.35*12 ) ( 39/365) * 500/100 = રૂ. 21.48

રૂ. 600 ની સિલક ઉપર ( 20’ ડિસેમ્બર થી 22’ જાન્યુઆરી ) , દિવસ 34 માટે
( 3.35*12 ) ( 34/365) * 600/100 = રૂ. 22.47

રૂ. 600 ની સિલક ઉપર ( 22’ જાન્યુઆરી થી 2’ ફેબ્રુઆરી ) , દિવસ 10 માટે
( 3.35*12 ) ( 10/365) * 600/100 = રૂ. 6.61

કુલ્લે વ્યાજ-શુલ્ક = રૂ. 50.56

3જી ફેબ્રુઆરી ’16 થી 2જી માચ’16 દરમ્યાન થયેલ નાણાકીય વહેવાર
3જી ફેબ્રુઆરી’16 ના રોજ શરૂઆત ની સિલક- રૂ. 650.56
5મી ફેબ્રુઆરી’16 ના રોજ રૂ. 1000/ ની છુટક ખરિદી
15મી ફેબ્રુઆરી’16 ના રોજ રૂ. 3000/ ની ઓનલાઈન ખરિદી
આપણે એવી ધારણા મુજબ ગણતરી કરીએ કે 2જી ફેબ્રુઆરી’2016 ના સ્ટેટમેંટ મુજબ અગાઉ ની બાકી રકમ રૂ. 650.46 , આગળ ખેંચાયેલ છે. કાડઁ-ધારકે બાકી નીકળતા લેણાં ની તમામ રકમ અથવા બાકી નીકળતા લેણાં ની લઘુતમ રકમ નું ચુકવણું સ્ટેટમેંટ ની તારીખ પછી ના 20 દિવસ સુધી માં એટલે કે 22 ફેબ્રુઆરી’ 2016 સુધી કરી દેવું જરૂરી છે.

આપણે એવી ધારણા મુજબ ગણતરી કરીએ કે કાડઁ-ધારક 15મી ફેબ્રુઆરી સુધી માં બાકી લેણાં નુ તમામ ચુકવણુ કરી દે છે. એટલે કે નિયત સમય-મર્યાંદા માં ચુકવણુ કરી દે છે. અસરકારક દર નું પ્રમાણ 3.35% પ્રતિ માસ રાખી ને ગણતરી કરીએ તો, નાણાંકિય-શુલ્ક ની ગણતરી નીચે મુજબ થઈ શકે.
રૂ. 650.56 ની સિલક ઉપર ( 3જી ફેબ્રુઆરી થી 15 ફેબ્રાઅરી ) , દિવસ 12 માટે
( 3.35*12 )* ( 12 /365) * 650.56/100 = રૂ. 8.60
કુલ્લે વ્યાજ-શુલ્ક = રૂ. 50.56

2જી માર્ચ ના સ્ટેટમેંટ મુજબ કુલ્લે લેણાં ની બાકી નીકળતી રકમ માં ખરિદી કરેલ બાકી રકમ, વ્યાજ-શુલ્ક ( જો કંઈ હોય તો ) અને લાગુ પડતા કર ને લીધે ફેરફાર થશે.

G. લેટ પેમેન્ટ ચાર્જિસ

જો લઘુતમ બાકી રકમ અંતિમ ચુકવણી તારીખ સુધીમાં ચુકવવામાં ન આવે તો લેટ પેમેન્ટ ચાર્જિસ લાગુ પડશે.

રૂ.0 - રૂ.200 કુલ બાકી રકમ માટે NIL

કુલ બાકી રકમ રૂ.200થી વધારે અને રૂ.500 સુધી હોય તો રૂ.100

કુલ બાકી રકમ રૂ.500થી વધારે અને રૂ.1000 સુધી હોય તો રૂ.400

કુલ બાકી રકમ રૂ.1000થી રૂ.10000 સુધી હોય તો રૂ.500

કુલ બાકી રકમ રૂ.10000થી વધારે હોય તો રૂ.750;

ઉદાહરણ 1 -

કાર્ડ સ્ટેટમેન્ટ તારીખ - દર મહિનાની 2જી તારીખ.

3જી જાન્યુઆરી 2015 - 2જી ફેબ્રુઆરી 2015

(1) 5જી જાન્યુઆરી 2015ના રોજ - રૂ.5000ની છૂટક ખરીદી

(2)15મી જાન્યુઆરી 2015ના રોજ - રૂ.5000ની ઓનલાઇન ખરીદી

ધારો કે 2જી જાન્યુઆરી 2015ના સ્ટેટમેન્ટમાંથી કોઇ બાકી રકમ આગળ લાવવામાં આવી નથી તો કાર્ડધારક 2જી ફેબ્રુઆરીના રોજ રૂ.10000ના વ્યવહારો દર્શાવતુ નિવેદન પ્રાપ્ત કરશે. કાર્ડધારકે બાકી રહેલી રકમની 22મી ફેબ્રુઆરી 2015 એટલે કે સ્ટેટમેન્ટની તારીખથી 20 દિવસ સુધીમાં સમગ્ર રકમ અથવા લઘુતમ બાકી રકમની વચ્ચે કોઇપણ રકમ ચુકવવાની રહેશે.

જો કાર્ડધારક લઘુતમ બાકી અથવા વધારે રકમની 22મી ફેબ્રુઆરી 2015 સુધીમાં ચુકવણી કરતો નથી, તો તેને રૂ.500નો લેટ પેમેન્ટ ચાર્જ વસૂલવામાં આવશે (રૂ.1000થી વધારે અને રૂ.10000 સુધીની રકમ માટે રૂ.500).

ઉદાહરણ 2 -

કાર્ડ સ્ટેટમેન્ટ તારીખ - દર મહિનાની 2જી.

3જી ફેબ્રુઆરી 2015 - 2જી માર્ચ 2015 વચ્ચેના વ્યહારો

1. 8મી ફેબ્રુઆરી 2015ના દિવસે - રૂ.2000ની છૂટક ખરીદી
2. 19મી ફેબ્રુઆરી 2015ના દિવસે - રૂ.2500ની ઓનલાઇન ખરીદી

ધારો કે 2જી ફેબ્રુઆરી 2015ના સ્ટેટમેન્ટમાંથી કોઇ બાકી રકમ આગળ લાવવામાં આવી નથી તો કાર્ડધારક 2જી માર્ચના રોજ રૂ.4500ના વ્યવહારો દર્શાવતુ નિવેદન પ્રાપ્ત કરશે. કાર્ડધારકે બાકી રહેલી રકમની 22મી માર્ચ 2015 એટલે કે સ્ટેટમેન્ટની તારીખથી 20 દિવસ સુધીમાં સમગ્ર રકમ અથવા લઘુતમ બાકી રકમની વચ્ચે કોઇપણ રકમ ચુકવવાની રહેશે.
જો કાર્ડધારક 22મી માર્ચ 2015 સુધીમાં કોઇ ચુકવણી કરતો નથી તો તેની પાસેથી રૂ.500નો લેટ પેમેન્ટ ચાર્જ વસૂલવામાં આવશે. (રૂ.1000થી વધારે અને રૂ.10000 સુધી રૂ.500)

H. ઓવરલિમિટ ફી - સેવાના ભાગરૂપે SBI કાર્ડ કાર્ડધારક દ્વારા પ્રયત્ન કરાયેલા કેટલાક વ્યવહારોને માન્ય કરી શકે છે જે ક્રેડિટ મર્યાદાથી ઉપરના હોય છે, કૃપયા  નોંધી લેશો કે જો બાકીની રકમ ક્રેડિટ મર્યાદાથી વધી જાય મર્યાદા-બહારની રકમના 2.5%ની ઓવર-લિમિટ ફી અથવા રૂ.500, બન્નેમાંથી જે વધારે હોય તે વસૂલવામાં આવશે. ફી અને/અથવા વ્યાજની વસુલાતના કારણે ઓવર-લિમિટ સ્ટેટસ પણ લાગુ પડી શકે.

I. ચુકવણી અસ્વીકાર ફી
ચુકવણી અસ્વીકારના કિસ્સામાં કાર્ડધારક પાસેથી લઘુતમ ચાર્જ રૂ.350 હોવાની શરતને આધીન ચુકવણીના રકમના 2% ચુકવણી અસ્વીકાર ચાર્જ વસૂલ કરાશે.

J. અન્ય ચાર્જિસઃ

- કાર્ડ ફેરબદલી ફીઃ રૂ.100 - રૂ.250/-
- ચાર્જ સ્લિપ રિટ્રાઇવલ ફીઃ રૂ.225/
- ચેક ફી : રૂ. 100/ ( ચેક દ્વારા ચુકવણા રૂ. 2000/ સુધી )
- ચેક પિક અપ ફીઃ રૂ.90/-

- સ્ટેટમેન્ટ રિટ્રાઇવલ ફીઃ 2 મહિનાથી વધારે જૂના સ્ટેટમેન્ટ માટે સ્ટેટમેન્ટ દિઠ રૂ.100/-
- વિદેશી ચલણ ના નાણાકીય વહેવાર માટે ફી : 3.5% ( દરેક કાડઁ માટે , સિવાય ઈલાઈટ ),

  1.99% ( ફક્ત ઈલાઈટ કાડઁ-ધારકો માટે )

વિદેશી ચલણ ભારતીય રૂપિયામાં પરિવર્તિત કરવા માટે વાપરવામાં આવતો વિનિમય દર જે-તે કિસ્સા અનુસાર SBI કાર્ડ સાથે સરભર કરાતા વ્યવહારની તારીખે તેમના દ્વારા નિયંત્રિત કરાતા વિનિમય દરોના આધારે વિઝા/માસ્ટર કાર્ડ દ્વારા નક્કી કરવામાં આવશે, જે તે તારીખ ન પણ હોઇ શકે જ્યારે વ્યવહાર કરવામાં આવ્યો હતો. વિઝા/માસ્ટરકાર્ડ દ્વારા વહેચણી કરાયેલા ભારતીય રૂપિયામાં પરિવર્તિત કરાયેલી રકમ ઉપર 3.5%ની વિદેશી ચલણ લેણદેણ ફી લાગુ પડશે. કાડઁ-ધારક VISA/MASTER CARD ના ઉપયોગ કરી ને ભારતીય રૂપિયા માં રૂપાંતર થયેલ વિદેશી ચલણ ના નાણાકીય વહેવાર માટે ફી ભરવી પડશે.

2. મર્યાદા

ક્રેડિટ મર્યાદા અને રોકડ મર્યાદા આંતરિક SBICPSL ક્રેડિટ ધારાધોરણના આધારે કાર્ડહોલ્ડરને લાગુ પાડવામાં આવે છે. (એડ-ઓન કાર્ડધારકને પ્રાથમિક એકાઉન્ટ ધારક જેટલી જ મર્યાદા લાગુ પડે છે). કાર્ડધારકને કાર્ડ આપતી વખતે આ મર્યાદાની જાણકારી આપવામાં આવે છે. કાર્ડ હોલ્ડરને દરેક સ્ટેટમેન્ટમાં ક્રેડિટ મર્યાદા અને રોકડ મર્યાદાની જાણ કરવામાં આવે છે. ઉપલબ્ધ ક્રેડિટ મર્યાદા (એટલે કે વપરાશ માટે ઉપલબ્ધ ક્રેડિટ મર્યાદા) સ્ટેટમેન્ટના ભાગરૂપે સ્ટેટમેન્ટ બનાવતી વખતે પુરા પાડવામાં આવશે. SBICPSL સમયાંતરે કાર્ડધારકના એકાઉન્ટની સમીક્ષા કરશે અને આંતરિક ધારાધોરણોના આધારે કાર્ડધારકની ક્રેડિટ મર્યાદામાં વધારો અથવા ઘટાડો કરશે. ક્રેડિટ મર્યાદામાં વધારો કરવા ઇચ્છતા કાર્ડધારક SBICPSL આ માટે લેખિત વિનંતી કરીને અને તેમની આવક દર્શાવતા નાણાકીય દસ્તાવેજો પુરા પાડીને આમ કરી શકશે. SBICPSL, માત્ર તેની મુનસફીના આધારે અને આ રીતે પુરા પડાયેલા દસ્તાવેજોના આધારે કાર્ડધારકની ક્રેડિટ મર્યાદા વધારી શકે છે.

3. બિલિંગ અને સ્ટેટમેન્ટ

a) SBICPSL કાર્ડધારકને છેલ્લા સ્ટેટમેન્ટથી કાર્ડધારકના એકાઉન્ટમાં જમા થયેલી ચુકવણીઓ અને બાદ થયેલા વ્યવહારો દર્શાવતું માસિક સ્ટેટમેન્ટ મોકલશે, પરંતુ આ દર્શાવેલા સમયગાળા દરમિયાન કાર્ડ સક્રીય હોવું જરૂરી છે. SBICPSL પોતાના રેકોર્ડ ઉપર રહેલા સરનામા પર કાર્ડ એકાઉન્ટમાં થયેલા વ્યવહારોનું સ્ટેટમેન્ટ પત્ર દ્વારા મોકલશે અથવા પૂર્વ-નિર્ધારિત તારીખે તેના રેકોર્ડ ઉપર રહેલા ઇમેલ આઇડી ઉપર ઇમેલ દ્વારા સ્ટેટમેન્ટ મોકલશે.

b) ક્રેડિટ કાર્ડ કાર્ડધારકને રિવોલ્વિંગ ક્રેડિટ સુવિધા ઉપલબ્ધ કરાવે છે. કાર્ડધારક માત્ર સ્ટેટમેન્ટ ઉપર પ્રિન્ટ કરાયેલી લઘુતમ ભરવાપાત્ર રકમની ચુકવણી કરવાનુ પસંદ કરી શકે છે અને આવી ચુકવણી ચુકવણીની અંતિમ તારીખ પહેલા મોકલી દેવી જોઇએ, જે તમારા સ્ટેટમેન્ટ ઉપર પણ પ્રિન્ટ કરેલી હોય છે. બાકી રહેલી નહીં ચૂકવાયેલ રકમ ત્યારપછીના સ્ટેટમેન્ટમાં આગળ લઇ જવામાં આવશે. કાર્ડધારક કુલ બાકી રકમની ચૂકવણી અથવા ઉપરોક્ત લઘુતમ બાકી રકમનો કોઇપણ ભાગ ચૂકવવાનું પસંદ કરી શકે છે. અગાઉના સ્ટેટમેન્ટની કોઇપણ નહીં ચૂકવાયેલ લઘુતમ બાકી રકમ કાર્ડધારકની ક્રેડિટ મર્યાદાથી વધી જતી બાકી રકમ કાર્ડધારકની વર્તમાન લઘુતમ બાકી રકમ ઉપરાંત ઉમેરવામાં આવશે.

ઉદાહરણ

લઘુતમ ચુકવણીપાત્ર રકમ બાકી રકમના 5% અથવા રૂ.200 (જે વધારે હોય તે) વત્તા તમામ લાગુ પડતા કરવેરા અને EMI (માત્ર EMI આધારિત પ્રોડક્ટના કિસ્સામાં) રહેશે. રોકડ અથવા ક્રેડિટ મર્યાદા વધી જાય તો તે કિસ્સામાં ઓવરલિમિટ (OVL) રકમ પણ MADમાં સમાવિષ્ટ કરી લેવાશે. અગાઉના સ્ટેટમેન્ટની નહીં ચૂકવાયેલી કોઇ MAD, જો હશે તો, તેનો લઘુતમ ચૂકવવા પાત્ર રકમમાં સમાવેશ કરાશે.

c) કાર્ડની બાકી રકમ માટે કરાયેલી ચુકવણી ત્યારપછીના સ્ટેટમેન્ટમાં દર્શાવવામાં આવે છે.

d) કાર્ડધારકની કાર્ડની બાકીની રકમ સામે પ્રાપ્ત થયેલી ચુકવણી તમામ લઘુતમ ચૂકવણીપાત્ર રકમ (જે તમામ લાગુ પડતા કરવેરા + EMI આધારિત પ્રોડકટ ઉપર EMI + કુલ બાકી રકમના 5%), ફી અને અન્ય ચાર્જિસ, વ્યાજ, બેલેન્સ હેરફેરની બાકી રકમ, ખરીદીની બાકી રકમ અને એડવાન્સ રોકડ તે ક્રમમાં વસૂલવામાં આવશે.

e) કાર્ડ એકાઉન્ટ સામેની ચુકવણી નીચેની કોઇપણ પદ્ધતિથી કરી શકાય છેઃ

www.sbicard.com ઉપર લોગિન કરીને અને નેટબેન્કિંગ દ્વારા ચુકવણી કરવા પે નેટના વિકલ્પ અથવા તમારા SBI એટીએમ કમ ડેબિટ કાર્ડનો ઉપયોગ કરીને.

સ્ટેટમેન્ટની પાછળ પુરા પડાયેલા પત્રવ્યવહારના સરનામા ઉપર ચેક અથવા ડ્રાફ્ટ મોકલીને.

તમારા શહેર અથવા સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની નિર્ધારિત શાખાઓમાં મુકાયેલા કોઇપણ SBI કાર્ડ ડ્રોપ બોક્સમાં ચેક અથવા ડ્રાફ્ટ નાંખીને.

ચેક/ડ્રાફ્ટની ચુકવણી "SBI Card Number xxxx xxxx xxxx xxxx" માટે કરવી જોઇએ.

NACH: પસંદગીના શહેરોમાં ચુકવણી નેશનલ ઓટોમેટેડ ક્લિઅરિંગ સિસ્ટમ (NACH) દ્વારા કરી શકાય છે.

f) SBI કાર્ડ બિલની બાકી રકમની ચુકવણી કરવા માટે જુદા-જુદા રીતો ઉપલબ્ધ કરાવે છે અને તે અંગે માસિક સ્ટેટમેન્ટની પાછળ અને SBI કાર્ડ વેબસાઇટ પર વિગતવાર વર્ણન આપવામાં આવ્યું છે.

g) બિલિંગ વિવાદોઃ જો કાર્ડધારક દ્વારા સ્ટેટમેન્ટની તારીખથી 30 દિવસની અંદર કાર્ડધારક દ્વારા SBICPSLને કોઇ વિસંગતતાની જાણ ન કરવામાં આવે અને SBICPSLને આ વિસંગતતા સાચી હોવાનું મળી ન આવે તો કાર્ડધારક દ્વારા સ્ટેટમેન્ટની તમામ વિષયવસ્તુ સાચી અને સ્વીકાર્ય હોવાનું માની લેવામાં આવશે. આવી માહિતીની પ્રાપ્તિ ઉપર SBICPSL કામચલાઉ ધોરણે ચાર્જ પરત ખેચી શકે છે. જો ત્યારપછીની તપાસ પૂર્ણ થયા બાદ આવા ચાર્જિસની જવાબદારી કાર્ડધારકના ખાતા પર ઊભી થશે

તો પ્રતિ ચાર્જ સ્લિપ દિઠ રૂ.225ના ચાર્જ સ્લિપ રિટ્રાઇવલ ચાર્જિસની સાથે ત્યારપછીના સ્ટેટમેન્ટમાં ચાર્જ ફરી દાખલ કરાશે.

h) ગ્રાહક ફરિયાદ નિવારણઃ તમામ ફરિયાદો નોડલ અધિકારીને PO બેગ 28, GPO, નવી દિલ્હી - 110001 અથવા Nodalofficer@sbicard.com પર ઇમેલ દ્વારા મોકલી આપવી.

i) સંપર્ક વિગતોઃ
તમામ ફોન પરથીઃ 39 02 02 02 (મોબાઇલ પરથી કોલિંગ કરતી વખતે નંબળની આગળ તમારો STD કોડ લગાડો) અથવા 1860 180 1290

SBI રેલવે ક્રેડિટ કાર્ડ માટેઃ ભારતમાં કોઇપણ સ્થળેથી SBI રેલવે ક્રેડિટ કાર્ડની હેલ્પલાઇન પર સંપર્ક કરો.
તમામ ફોન ઉપરથીઃ 39 02 02 02 (મોબાઇલ પરથી કોલિંગ કરતી વખતે નંબળની આગળ તમારો STD કોડ લગાડો) અથવા 1800 180 1295

પત્રવ્યવહારઃ પત્ર દ્વારા, ધ મેનેજર, કસ્ટમર સર્વિસ, SBI કાર્ડ એન્ડ પેમેન્ટ સર્વિસ પ્રા. લી., DLF ઇન્ફિનિટી ટાવર, ટાવર સી, 12મો માળ, બ્લોક 2, બિલ્ડિંગ 3, DLF સાઇબર સિટી, ગુંડગાવ - 122002 (હરિયાણા) ભારત www.sbicard.com અથવા PO બેગ 28 - GPO, નવી દિલ્હી, 110001
ઇમેલ દ્વારાઃ feedback@sbicard.com પર ઇમેલ લખીને.

4. નાણાં ચૂકવણીમાં કસૂર

નાણાં ચૂકવણીમાં કસૂરના પ્રસંગે કાર્ડધારકને કાર્ડ એકાઉન્ટ ઉપર બાકી રકમને સરભર કરવા માટે સમય-સમય પર પોસ્ટ, ફેક્સ, ટેલિફોન, ઇ-મેલ, SMS સંદેશ દ્વારા સ્મૃતિઓ મોકલાશે અને/અથવા ફોલો અપ અને બાકી લેણા વસૂલવા માટે ત્રીજા પક્ષકારોને રોકવામાં આવશે. આ રીતે નિમાયેલો કોઇપણ ત્રીજો પક્ષકાર દેવા વસૂલાતની આચાર સંહિતાને ચુસ્તપણે વળગી લેશે.

ક્રેડીટ કાડઁ ધારક ના  ડિફ્રોલ્ટ દરજ્જા અંગે નો અહેવાલ ક્રેડીટ ઈંફ્રોરમેશન કંપની ( RBI રજીસ્ટ્રેશન ધરાવતી હોય અને SBICPSL ના સભ્ય હોય ) ને મોકલતા પહેલા , આપણે કાડઁ ધારક ને મહિના માટે નોટિસ આપીશું.

જે કાડઁ ધારક ને  ડિફ્રોલ્ટ દરજ્જો આપેલ હોય અને તે/તેણી બાકી લેણાં ભરી દે તો SBICPSL તેનો ડિફ્રોલ્ટ દરજ્જો ક્રેડીટ ઈંફ્રોરમેશન કંપની માં થી કાઢી નાખશે. ગ્રાહક ના ક્રેડીટ અહેવાલ માં  આવા ફ્રેરફ્રારો થતા 45-60 દિવસ લાગે છે.

ક્રેડીટ કાડઁ સુવિધાઓ માટે ની શરતો અને નિયમો માં થતી પૂર્તઁતા/ઉમેરો કાડઁ ધારકો ને લાગુ પડશે.

કાડઁ ધારક ના ડાટા  SBICPSL,  ક્રેડીટ ઈંફ્રોરમેશન કંપની ને નિયત નમૂના માં દર મહિને મોકલે છે. ક્રેડીટ ઈંફ્રોરમેશન કંપની મોકલાવેલ ડાટા ને પોતાના સર્વઁર ઉપર 30 દિવસ માં અધતન કરે છે.

મુખ્ય કાર્ડધારકની નાદારી અથવા મૃત્યુના પ્રસંગે એકાઉન્ટ ઉપર કુલ બાકી રકમની સાથે અમલી હોય તેવા કોઇ ચાર્જિસ કે જે કાર્ડ એકાઉન્ટને હજુ સુધી લાગુ ન થયા હોય તેમ છતાં તુરંત લાગુ પડશે અને SBICPSLને સંપૂર્ણપણે ચુકવવાપાત્ર બનશે અને કાર્ડ એકાઉન્ટ તાત્કાલિક ધોરણે રદ ગણવામાં આવશે. મુખ્ય કાર્ડધારકનો વારસદાર કાર્ડ એકાઉન્ટ ઉપર કોઇ બાકી લેણી રકમ સરભર કરવા માટે જવાબદાર ઠરશે અને આવી બાકી રકમ વસૂલ કરવા માટે પેદા થતી લીગલ ફી અને ખર્ચ સહિત તમામ ખર્ચની સામે વળતર પુરુ પાડશે. આવી પુનઃચુકવણી પડતર હોય ત્યાં સુધી SBICPSLને તેના પ્રવર્તમાન દરોએ ફાઇનાન્સ ચાર્જિસ લાદવાનું ચાલુ રાખવાનો અધિકાર રહેશે.

5  કાર્ડધારણની સમાપ્તિ/રદ

a) કોઇપણ સમયે કાર્ડધારક SBICPSLને લેખિત જાણ કરીને અથવા SBI કાર્ડ હેલ્પલાઇનને કોલ કરીને અને કાર્ડને ત્રાંસુ કાપીને કરારનો અંત લાવી શકે છે. લેખિત વિનંતીના આધારે એડ-ઓન કાર્ડ સહિત તમામ કાર્ડ સમાપ્ત કરવામાં આવશે. આ

સમાપ્તિ કાર્ડ એકાઉન્ટ ઉપર તમામ બાકી લેણી રકમની ચુકવણી બાદ અમલી બનશે. આંશિક ધોરણે કોઇપણ વાર્ષિક, જોડાણ અથવા રિન્યુઅલ ફી પાછી આપવામાં આવશે નહીં.

b) SBICPSL પૂર્વ જાણકારી આપ્યા વગર કોઇપણ સમયે કાર્ડધારકના એકાઉન્ટના ઉપયોગને નિયંત્રિત, સમાપ્ત અથવા રદ કરી શકે છે જો SBICPSLને વ્યાજબીપણે એમ માનવાને કારણ હોય કે વ્યવસાય અથવા સલામતીના કારણોસર અને/અથવા કાયદાનો અમલ કરતી સંસ્થા અને/અથવા કોઇ સરકારી સત્તામંડળની વિનંતીથી અને/અથવા SBICPSL અને તેના ગ્રાહકને લાગુ પડતા કોઇ કાયદા અને નિયમો હેઠળ આમ કરવું જરૂરી છે.

SBICPSL ક્રેડિટ કાર્ડની સુવિધા સ્થગિત કરી શકે છે, જો કાર્ડધારક બાકી રકમની ચુકવણીમાં કસૂર કરે અથવા આપેલી ક્રેડિટ કાર્ડની મર્યાદા વટાવે. કરારના અંત પછી અથવા કાર્ડ એકાઉન્ટનો ઉપયોગ સ્થગિત કરાયો હોય ત્યારે કાર્ડનો ઉપયોગ કરવો જોઇએ નહીં.

c) આવી પરિસ્થિતિમાં કાર્ડધારકે તાત્કાલિક એકાઉન્ટ ઉપર કુલ બાકી લેણી રકમની ચુકવણી (કાયદા દ્વારા જરૂરી કોઇ મૂળભૂત અથવા અન્ય નોટિસને આધીન) SBICPSLને કરી દેવી જોઇએ. તેમાં તમામ વ્યવહારો અને અન્ય રકમ જે હજુ સુધી એકાઉન્ટને લાગુ કરાઇ નથી તે રકમ સહિત કરાર હેઠળ SBICPSLને ચૂકવવા પાત્ર તમામ રકમનો સમાવેશ થાય છે. કાર્ડધારકનું ખાતુ ત્યાં સુધી બંધ નહીં માનવામાં આવે જ્યાં સુધી કાર્ડધારક દ્વારા આવી તમામ બાકી લેણી રકમ ચુકવવામાં ન આવે.

6. કાર્ડ ખોવાઇ જવું/ચોરી થવું/દુરૂપયોગ થવો

a) જો પ્રાથમિક અથવા કોઇ વધારાનું ક્રેડિટ કાર્ડ ખોવાઇ જાય, ગુમ થાય, ચોરાઇ જાય, તૂટી જાય, જ્યારે મળવા પાત્ર હોય ત્યારે મળે નહીં અથવા જો તે/તેણીને શંકા હોય કે ક્રેડિટ કાર્ડનો કાર્ડધારકની પરવાનગી વગર ઉપયોગ કરાઇ કર્યો છે તો કાર્ડધારકે જેટલો બને તેટલો જલદી SBI કાર્ડ હેલ્પલાઇન ઉપર SBICPSLનો સંપર્ક કરવો જોઇએ.

- કાર્ડધારક તરત જ IVR અથવા અમારી વેબસાઇટ sbicard.com અથવા SMS આધારિત સેવા દ્વારા તરત જ કાર્ડ બ્લોક કરાવી શકે છે.
- તમારા ખોવાયેલા/ચોરાયેલા કાર્ડને SMS દ્વારા બ્લોક કરાવવા માટે તમારા નોંધાયેલા મોબાઇલ નંબર પરથી 5676791 ઉપર BLOCK XXXX લખીને માત્ર એક SMS કરો. (XXXX = તમારા કાર્ડ નંબરના છેલ્લા 4 આંકડાઓ). જો તમને 5 મિનિટની અંદર તેની ખાતરી કરતો SMS પ્રાપ્ત ન થાય તો કૃપયા કાર્ડ બ્લોક કરવામાં આવ્યું છે તેમ માનશો નહીં. તરત જ તમારુ કાર્ડ બ્લોક કરાવવા અને કોઇ દુરુપયોગ ટાળવા માટે કૃપયા હેલ્પલાઇન ઉપર કોલ કરો.

b) SBICPSLને કાર્ડ ગૂમ થવા અંગેની સુચના આપ્યા અગાઉના સમયગાળા દરમિયાન કાર્ડ એકાઉન્ટમાંથી થયેલા કોઇપણ વ્યવહારો માટે SBICPSL જવાબદાર અથવા ઉત્તરદાયી નથી અને આ અંગે કાર્ડધારક સંપૂર્ણપણે જવાબદાર રહેશે. SBICPSL ને કાર્ડ ગુમ થવા અથવા ચોરી થવા અંગે જાણકારી આપવા ઉપરાંત કાર્ડધારકે ક્રેડિટ કાર્ડની કોઇ ચોરી અંગે ફરજિયાત પોલીસને જાણ કરવાની અને FIR નોંધાવવાની રહેશે. જ્યારે કોઇ કાર્ડધારકની સંમતિ અથવા વધારાના કાર્ડધારકની સંમતિથી કોઇ વ્યક્તિ કાર્ડ અથવા PIN પ્રાપ્ત કરે અને તેનો દુરુપયોગ કરે તો તે તમામ નુકસાન માટે કાર્ડધારક જવાબદાર રહેશે.

c) જો કાર્ડધારકનુ કૃત્ય કપટયુક્ત હશે તો તમામ નુકસાન માટે કાર્ડધારક જવાબદાર રહેશે. જો કાર્ડધારકે વ્યાજબી કાળજી વગર કૃત્ય કર્યું હશે તો તેના કારણે સર્જાયેલા તમામ નુકસાન માટે કાર્ડધારક જવાબદાર ઠરી શકે. જો કાર્ડધારક SBICPSL દ્વારા નિર્દિષ્ટ સુરક્ષા જોગવાઇઓનું પાલન કરવામાં નિષ્ફળ રહે તો આ લાગુ પડી શકે છે.

d) SBICPSL કાર્ડધારક અથવા વધારાના કાર્ડધારકને સુચિત કર્યા વગર કાર્ડ અથવા PINના ગૂમ, ચોરી અથવા દુરુપયોગ થવા અંગે SBICPSL જેને સુસંગત માનતું હોય તેવી કોઇપણ માહિતી તે પોલીસ અથવા અન્ય સંબંધિત સત્તાધિકારીઓને આપી શકે છે.

e) તમારા ક્રેડિટ કાર્ડ એકાઉન્ટની તમારા મોબાઇલ નંબર સહિત સંપર્ક વિગતોમાં ફેરફારોને તમારી નવી સંપર્ક વિગતોની સાથે સાથે સિસ્ટમમાં રહેલી અગાઉની સંપર્ક વિગતો પર સુચિત કરવામાં આવશે. અમારા રેકોર્ડમાં તમારા મોબાઇલ નંબર સહિત તમારી વર્તમાન સંપર્ક વિગતોને અદ્યતન રાખવાની સલાહ આપવામાં આવે છે.

f) કેટલાક કિસ્સા માં SBI કાર્ડ ખોવાયેલ/ ચોરી થયેલ કાર્ડ માટે નિશુલ્ક વિમા નુ કવચ આપે છે. આ વિમો TATA AIG જનરલ ઈનશ્યોરંન્સ કંપની દ્વારા આપવા માં આવે છે. કોઈ પણ દાવા ના પતાવટ ની જવાબદારી TATA AIG જનરલ ઈનશ્યોરંન્સ કંપની ની છે. દાવા ની પતાવટ માં જો કોઈ તકરાર ઉભી થાય તો SBI કાર્ડ તેના માટે જવાબદાર રહેશે નહિ. નિયમો અને શરતો ની વધુ માહિતી મેળવવા કાર્ડ ધારક ને વેલકમ કીટ માં આપેલ બ્રોક્યર જોવા અથવા વેબસાઈટ www.sbicard.com જોવા જણાવવા માં આવે છે.

7. ખુલાસો

ભારતિય નાણાકિય પ્રણાલી ની કાર્ય ક્ષમતા અને સ્થિરતા માં સુધારો લાવવા ક્રેડીટ ઈંફોરમેશન કંપની ની સ્થાપના એ, RBI અને GOI નો સંયુક્ત પ્રયાસ છે. RBI ની માર્ગદર્શક રેખા મુજબ બેંકો અને નાણાકિય સંસ્થાઓ વચ્ચે માહિતી નુ આદાન પ્રદાન થાય તે માટે એક અસરકારક મિકેનીઝમ આપવા માટે ના આ પ્રયાસો છે. જેથી કરી ને કાર્ડ ધારક ને વિવિધ સંસ્થાઓ તરફ થી વધારે સારા નિયમો પ્રાપ્ત થાય.

આ બાબત કાર્ડ ધારક ની જાણકારી માટે છે - SBICPSL, કાર્ડ ધારક ની માહિતી નુ આદાન પ્રદાન ક્રેડીટ ઈંફોરમેશન કંપની સાથે કરવા અધિકુત છે. ( આ અંગે ની નોંધણી નુ પ્રમાણ પત્ર RBI માં થી મેળવેલ છે. )

SBICPSL, કાર્ડ ધારક ના ફેરચુકવણા રેકોર્ડ સંબંધિત માહિતી ક્રેડીટ ઈંફોરમેશન કંપની ને 45-60 દિવસો માં પૂરી પાડશે.

તકરાર ની ઘટના સમયે કાર્ડ ધારક ને ડિફોલ્ટર અહેવાલ મોકલાવતા પહેલા SBICPSL, અહેવાલ કરવા ની પધ્ધતિ માં જરૂરી સુધારા/ વધારા કરશે. જો કે એ નોંધ લેવી યોગ્ય છે

કે, આવી માહિતી જાહેર કરતા કે બહાર પાડતા પહેલા તપાસ માટે લોકો ના સમય ની ઉપલબ્ધતા અને ઉભી થતી તકરાર ના પતાવટ ની શક્યતાઓ ચકાસી લેવી જરૂરી છે.

કાર્ડધારક સ્વીકારે છે કે કાર્ડધારકને આ સંદર્ભની કોઇપણ નોટિસ આપ્યા વગર SBICPSL કોઇ પ્રવર્તમાન અથવા ભવિષ્યના ક્રેડિટ બ્યૂરોને કાર્ડધારકની માહિતી જણાવવા માટે અધિકૃત છે, અને આવી માહિતી હકારાત્મક અથવા નકારાત્મક પરફોર્મન્સ/કાર્ડધારક દ્વારા ડિફોલ્ટ ધરાવી શકે છે. ક્રેડિટ બ્યુરો રિપોર્ટમાં આવી માહિતી પ્રતિબિંબિત થવામાં 45-60 દિવસ લાગી શકે છે.

ક્રેડિટ બ્યૂરો ભારતીય નાણાકીય વ્યવસ્થાની કાર્યક્ષમતા અને સ્થિરતામાં સુધારો કરવા માટે ભારત સરકાર અને ભારતીય રિઝર્વ બેન્ક (RBI) દ્વારા શરૂ કરવામાં આવેલી પહેલ છે. આ બેન્ક અને નાણાકીય સંસ્થાઓ વચ્ચે માહિતીના આદાન-પ્રદાન માટે અસરકારક વ્યવસ્થાતંત્ર પુરુ પાડવા RBIના પ્રયાસોના ભાગરૂપે શરૂ કરાયેલી સંસ્થા છે, જેના દ્વારા કાર્ડધારકોને વિવિધ સંસ્થાઓ પાસેથી વધુ સારી ધિરાણ શરતો ઉપલબ્ધ કરાવી શકાય છે.

કાર્ડધારક વધુમાં સ્વીકારે છે કે SBICPSL નાણાકીય સંસ્થા, નોકરીદાતા અને કાર્ડ એકાઉન્ટની યોગ્ય કામગીરી, પ્રમાણીકરણ અને અન્ય વહીવટી સેવાઓ માટે SBICPSL દ્વારા નિયુક્ત અન્ય ત્રાહિત પક્ષકારોને ચુકવણીમાં કસૂર સહિત કાર્ડધારકની માહિતી જણાવવા માટે અધિકૃત છે.

SBICPSL વધુમાં SBICPSLની કોઇ પિતૃક, આનુષંગિક, સંકલિત અને સહયોગી સંસ્થાઓ સાથે માર્કેટિંગના હેતુઓ માટે અને SBICPSL અથવા તેની જૂથ કંપનીઓ, આનુષંગિક, સંકલિત અને/અથવા સહયોગી દ્વારા ઉપલબ્ધ કરાવાતી વિવિધ પ્રોડક્ટ અને સેવાઓના હેતુ માટે પણ કાર્ડધારકની માહિતીની જાણકારી આપી શકે છે.

SBI કાર્ડના સૌથી મહત્ત્વપૂર્ણ નિયમો અને શરતો www.sbicard.com ઉપર પણ ઉપલબ્ધ છે.

નિયમન માટે અગત્ય ની મહિતી

ભારત અને વિદેશ માં ઉપયોગ કરવા માટે કાડઁ માન્ય છે. જો કે નેપાળ અને ભુતાન માં વિદેશી ચલણ ના નાણાકીય વહેવાર માટે કાડઁ માન્ય નથી.

ભારત ની બહાર કાડઁ નો નાણાકીય વહેવાર માટે લાગુ પડતા કાયદા જેમાં નો પણ સમાવેશ થયેલ છે, તેમને આધિન રહેશે. ઈંટરનેટ ટ્રેડીગ પોટઁલસ મારફતે Foreign

Exchange Trading ઉપર ટ્રેડીગ કરવા માટે પ્રતિબંધ છે. તમે કાયદા નુ ઉલ્લઘન કરશો અથવા કાયદા નુ પલન કરવા માં નિષ્ફળ જશો, તો દંડનીય કાર્યવાહી માટે તમો જવાબદાર ઠરશો. ની તમારી પાત્રતા તમારે તમારા અધિકૃત ડિલર નો સંપર્ક સાધવો જોઈએ.

જો તમારા ક્રેડિટ કાર્ડ ના ખાતા માં કોઈ રકમ જમા હશે તો SBI કાર્ડ ને તે જમા રકમ પરત કરવા નો અધિકાર છે.

ખાતા ના મુખ્ય વહેવારો જેવા કે વિદેશ માં નાણા રોકવા અથવા તો તે અંગે ગોઠવણ કરવા સારૂ ચુકવણુ/ભરણા કરવા માટે મહેરબાની કરી ને ક્રેડિટ કાર્ડ નો ઉપયોગ નહિ કરો. ભારતીય રહેવાસીઓ સંયુક્ત સાહસ અથવા તો પોતાના ખાનગી સીધા રોકાણો કરી શકે નહિ કારણ કે RBI ની મુખ્ય નિર્દેશિકા હેઠળ આ અંગે મંજુરી આપવા માં આવેલ નથી.

RBI ના મુખ્ય ઠરાવ માં “ ભારતીય રહેવાસીઓ ને ભારત માં થી પરચૂરણ ભરણાઓ કરવા ની સુવિધાઓ “ શિર્ષક હેઠળ પ્રતિબંધિત વસ્તુઓ ની ખરીદી જેવી કે લોટરી ટિકીટો , પ્રતિબંધિત મેગેઝીનો વિગેરે માટે ક્રેડિટ કાર્ડ નો ઉપયોગ કરવા માટે પ્રતિબંધ છે.આવી બાબતો/પ્રવુતિઓ માટે વિદેશી ચલણ ના ઉપાડ ઉપર પ્રતિબંધ છે. આ અંગે વિગતવાર માહિતી મેળવવા “ ભારતીય રહેવાસીઓ ને ભારત માં થી પરચૂરણ ભરણાઓ કરવા ની સુવિધાઓ “ - મુખ્ય ઠરાવ વાંચવા વિનંતી છે.

1: ચાર્જિસની અનુસુચી

| | |
|---|---|
| ફી | |
| વાર્ષિક ફી (એક વખત) | રૂ. 0 – રૂ. 4999 |
| રિન્યુઅલ ફી (p.a .) | રૂ . 0 - રૂ. 4999 |
| એડ ઓન ફી (p.a.) | Nil |
| વિસ્તૃત ધિરાણ<br>વ્યાજ મુક્ત ધિરાણ સમયગાળો | 20-50 દિવસો (માત્ર છૂટક ખરીદી ઉપર લાગુ અને જો અગાઉના મહિનાની બાકી લેણી રકમ સંપૂર્ણ ચૂકવી દીધી હોય) |
| ફાઇનાન્સ ચાર્જિસ# | અસુરક્ષિત કાર્ડ માટે 3.35% પ્રતિ માસ (40.2% વાર્ષિક); સુરક્ષિત કાર્ડ માટે 2.5% પ્રતિ માસ (30% વાર્ષિક) |
| લઘુતમ ચૂકવણીપાત્ર રકમ | કુલ બાકી લેણી રકમ પર 5% (લઘુતમ રૂ. 200) + તમામ લાગુ પડતાં કરવેરાઓ +EMI (EMI આધારિત પ્રોડક્ટના કિસ્સામાં) +OVL રકમ (જો હોય તો) |
| કેશ એડવાન્સ | |
| કેશ એડવાન્સ મર્યાદા | ધિરાણ મર્યાદાના 80% (ગોલ્ડ અને ટાઇટેનિયમ માટે મહત્તમ 12K/દિવસ અને પ્લેટિનમ કાર્ડ અને એલિટ/સિગ્નેચર કાર્ડ માટે 15K/પ્રતિ દિવસ) |
| મુક્ત ધિરાણ સમયગાળો | Nil |
| ફાઇનાન્સ ચાર્જિસ # | ઉપાડની તારીખથી 3.35% પ્રતિ માસ (40.2% પ્રતિ વર્ષ) |
| કેશ એડવાન્સ ફી | |
| SBI ATMs/અન્ય સ્થાનિક ATMs | વ્યવહારની રકમના 2.5% (લઘુતમ રૂ.300ની શરતને આધીન) |
| આંતરરાષ્ટ્રીય ATMs | વ્યવહારની રકમના 3.0% (લઘુતમ રૂ.300ની શરતને આધીન) |
| અન્ય ચાર્જિસ અને ફી | |

| | |
|---|---|
| રોકડ ચુકવણી ફી | રૂ.100 |
| ચેક પિકઅપ | રૂ. 90 |
| ચુકવણી અસ્વીકાર ફી | ચેકની રકમના 2% (લઘુતમ રૂ.350ની શરતને આધીન) |
| સ્ટેટમેન્ટ રિટ્રાઇવલ | પ્રતિ સ્ટેટમેન્ટ દિઠ રૂ.100 (>2 માસ જૂનુ) |
| ચાર્જ સ્લિપ રિટ્રાઇવલ | પ્રતિ ચાર્જ સ્લિપ દિઠ રૂ. 225 |
| ચેક ફી : | રૂ. 100/ ( ચેક દ્વારા ચુકવણા રૂ. 2000/ |
| લેટ પેમેન્ટ | રૂ.0-રૂ.200 સુધી કુલ ચુકવણીપાત્ર રકમ માટે NIL<br>રૂ.200 થી વધારે અને રૂ.500 સુધી કુલ ચુકવણી પાત્ર રકમ માટે રૂ.100;<br>રૂ.500 થી વધારે અને રૂ.1000 સુધી કુલ ચુકવણી પાત્ર રકમ માટે રૂ.400;<br><br>રૂ.1000 થી વધારે અને રૂ.10,000 સુધી કુલ ચુકવણી પાત્ર રકમ માટે રૂ.500;<br>રૂ.10,000 થી વધારે કુલ ચુકવણી પાત્ર રકમ માટે રૂ.750; |
| ઓવરલિમિટ | ઓવરલિમિટ રકમના 2.5% ( લઘુતમ રૂ.500ની શરતને આધીન) |
| કાર્ડ ફેરબદલી | રૂ. 100 – રૂ. 250 |
| તાત્કાલિ કાર્ડ ફેરબદલી (જ્યારે વિદેશમાં હોય) | ખરેખર ખર્ચ (લઘુતમ. $175) |
| નાણાકીય વહેવાર માટે સીમાંકન : | 3.5% ( દરેક કાડઁ માટે , સિવાય ઈલાઈટ ),<br>1.99 % ( ફક્ત ઈલાઈટ કાડઁ-ધારકો માટે ) |

| | |
|---|---|
| રિવોર્ડ્સ રિડિમ્પશન ફી | રૂ. 99 |
| સરચાર્જ<br>રેલવે ટિકિટ – રેલવે કાઉન્ટર<br>રેલવે ટિકિટ - www.irctc.co.in<br><br>પેટ્રોલ અને પેટ્રોલ પમ્પ પર વેચાતી તમામ પ્રોડક્ટ અને સેવાઓ | <br>રૂ. 30 + ટ્રાન્ઝેક્શન રકમના 2.5%<br><br>વ્યવહારની રકમના 1.8% + લાગુ પડતો સર્વિસ ચાર્જ<br>વ્યવહારના મૂલ્યના 1 % અથવા રૂ.10 જે વધારે હોય તે સિગ્નેચર/એલિટ અને પ્લેટિનમ કાર્ડ માટે રૂ. 500 અને રૂ. 4000; તમામ અન્ય કાર્ડ માટે રૂ.500 અને રૂ.3000ની વચ્ચે ખર્ચ કરાયેલા એક જ વ્યવહાર માટે (લાગુ પડતા કરવેરા + અન્ય ચાર્જિસ સિવાય) સરચાર્જ માફી 1%.<br><br>સિગ્નેચર અને પ્લેટિનમ કાર્ડ માટે પ્રતિ ક્રેડિટ કાર્ડ એકાઉન્ટની પ્રત્યેક સ્ટેટમેન્ટ સાઇકલ દિઠ મહત્તમ સરચાર્જ માફી રૂ. 250; અન્ય તમામ કાર્ડ માટે પ્રત્યેક ક્રેડિટ કાર્ડ એકાઉન્ટ દિઠ રૂ.100 |
| કસ્ટમ ડ્યુટીની ચુકવણી | વ્યવહારની રકમના 2.25% (લઘુતમ રૂ.75) |

તમામ લાગુ પડતા કરવેરા ઉપરોક્ત તમામ ફી, વ્યાજ અને ચાર્જિસ ઉપર વસૂલવામાં આવશે.

- ."લાગુ પડતા ટેક્ષ" (૧ લી જુલાઈ ૨૦૧૭ ઉપર અથવા તે પહેલા અપાયેલ ખાતાની હકીકતો  માટે)નો અર્થ થાય છે :

- હકીકત ની તારીખે એસબીઆઈ કાર્ડ નાં રેકોર્ડમાં નિવાસના રાજ્ય તરીકે હરીયાણા ધરાવતા કાર્ડ ધારકો માટે – કેન્દ્રીય ટેક્ષ ૯ % ના દરે અને રાજ્ય નો ટેક્ષ ૯ % ના દરે .
- હકીકત ની તારીખે એસબીઆઈ કાર્ડ નાં રેકોર્ડમાં નિવાસના રાજ્ય તરીકે હરીયાણા સિવાય નું રાજ્ય ધરાવતા કાર્ડ ધારકો માટે – સંકલિત ટેક્ષ ૧૮% નાં દરે
-

કાર્ડધારકના એકાઉન્ટ માટે કરવામાં આવેલી તમામ ચુકવણીઓ લઘુતમ ચૂકવણીપાત્ર રકમ (જેમાં તમામ લાગુ પડતા કરવેરાઓ + EMI આધારિત પ્રોડક્ટ ઉપર EMI + કુલ બાકી રકમના 5% સમાવિષ્ટ છે), ફી અને અન્ય ચાર્જિસ, વ્યાજ, બેલેન્સ ટ્રાન્સફર આઉટસ્ટેન્ડિંગ, ખરીદીની બાકી લેણી રકમ અને કેશ એડવાન્સના ક્રમમાં સરભર કરવામાં આવશે.

*